# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૪/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ચેમ્બર દ્વારા ટેક્ષ્ટાઇલ મંત્રાલયના આસિસ્ટન્ટ સેક્રેટરી સમક્ષ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની પાવર ટેક્ષ સ્કીમ અંગે જરૂરી સૂચનો રજૂ કરવામાં આવ્યા

સુરતઃ ભારત સરકારના ટેક્ષ્ટાઇલ મંત્રાલયના આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી સ્નેહલ લોખંડેએ આજરોજ સુરત ખાતે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની પાવર ટેક્ષ સ્કીમ આગામી વર્ષ ૨૦૨૦માં પુર્ણ થતી હોવાથી આ સ્કીમને ફરીથી કઈ રીતે વ્યવસ્થિત મોડીફાય કરી શકાય તે માટેના સૂચનો માટે શ્રી સ્નેહલ લોખંડે સુરતની મુલાકાતે આવ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ચેમ્બર ખાતે ટેક્ષ્ટાઇલ મંત્રાલયના આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી સ્નેહલ લોખંડે સાથે એક બેઠક મળી હતી. જેમાં વિવર્સ અગ્રણી શ્રી દેવેશ પટેલ, ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ સીએ પી.એમ. શાહ, રિપ્રેઝન્ટેશન સેલના હેડ એડવોકેટ શ્રી હેમંત દેસાઇ અને મેન મેઇડ ટેક્ષ્ટાઇલ્સ રિસર્ચ ઇન્સ્ટીટયુટ (મંત્રા)ના ચીફ કો–ઓર્ડીનેટર શ્રી રાજીવ કુલકર્ણી ઉપસ્થિત રહયા હતા. શ્રી લોખંડે સમક્ષ પાવર ટેક્ષ સ્કીમ માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા અને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના દરેક સેકટરના વિકાસ માટે વિવિધ માંગણી પણ કરવામાં આવી હતી. આ સૂચનો અને માંગણી નીચે મુજબ છે.

1. યાર્ન બેંક સ્કીમમાં મેમ્બરની સંખ્યા તેમજ પર્ફોમન્સને આધીન ફંડ વધવુ જોઇએ.
2. ગૃપ વર્કશેડ સ્કીમમાં ઝડપથી મંજૂરી મળવી જોઇએ.
3. સ્ટેન્ડ અપ ઇન્ડીયા સ્કીમમાં હાલમાં રૂપિયા ૧ કરોડની લિમિટ છે જેને વધારીને રૂપિયા ૩ કરોડ સુધીની કરવામાં આવે.
4. સોલાર એનર્જીમાં મશીનરી ઉપર ૮થી ૧૨ લૂમ્સની જે કેપ છે તેને કાઢી નાંખવામાં આવે.
5. એસોસિએશનો દ્વારા કોમન ફેસિલિટી સેન્ટર ઉભું કરવું મુશ્કેલ હોવાથી સરકારે કોમન ફેસિલિટી સેન્ટર માટે જમીન ફાળવવી જોઇએ.
6. કારીગરો માટેની ગૃપ ઇન્સ્યોરન્સ સ્કીમને આયુષ્યમાન ભારત સ્કીમની સાથે જોડવામાં આવે.